નંબર :- ડીએટી/ટીસી/ફ.૧૦૧/ ૫૨૫૧ - ૯૧

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજ્ય, ' વીમા અને લેખા ભવન',

બ્લોક નં. ૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

તારીખ :- ૭/૧૦/૨૦૧૩

**વિષય:-** સરકારી ભરણાના નાણા એજન્સી બેંકો દ્વારા વિલંબથી જમા કરાવવા અંગે પેનલ્ટી ઈન્ટરેસ્ટ વસૂલ કરવા બાબત.

- **<u>પરિપત્ર - ૧૦ /૨૦૧૩ :-</u>**

આથી સંબંધકર્તા તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી/પેટા તિજોરી અધિકારીશ્રી ના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, સરકારી ભરણાનાં નાણા સંબંધિત એજન્સી બેંકો દ્વારા વિલંબથી જમા કરાવવામાં આવે ત્યારે તેના ઉપર પેનલ્ટી તરીકે વ્યાજ વસૂલ લેવા બાબતે અત્રેથી વખતોવખત પરિપત્રો કરવામાં આવેલ છે.અનુભવે અત્રેના ધ્યાન પર આવેલ છે કે રાજ્યનાં તમામ જિલ્લા/તાલુકા કક્ષાની બેંકો પાસેથી પેનલ ઈન્ટરેસ્ટ વસૂલ કરવા બાબતે સરકારી આવકના તમામ સદરોની આવક ધ્યાને લેવાતી નથી ફક્ત 0040 VAT, સેલટેક્ષના સદરની જ આવકો પર વિલંબિત વ્યાજ વસૂલ કરવાની બાબત ધ્યાન પર આવેલ છે જે યોગ્ય નથી. સરકારી આવકના તમામ સદરોની આવક ધ્યાને લઈ વિલંબિત વ્યાજ વસૂલ કરવાનું રહે છે.

ઉક્ત વિગતો જિલ્લા તિજોરી અધિકારીઓએ સંબંધકર્તા કર્મચારી/અધિકારીઓની ખાસ બેઠક યોજી પ્રસ્તુત બાબતની ચર્ચા કરી વિસ્તૃત સમજુતી આપવી, જેથી ભવિષ્યમાં સરકારને થતા નુકસાન અંગેની જવાબદારી કર્મચારી/અધિકારીના ઉપર આવે નહીં.

નિયામક

પ્રતિ,

(૧) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ............................... (તમામ)

(૨) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.

C:\Documents and Settings\hcl\Desktop\vs.docx